અપીલ અરજી નં.૩૪૫ તા.૨૦–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૫–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારની તા. ૧૦–૨–૧૧ની આરટીઆઈ અરજી આઈડી નં. ૧૧૯૯ના પ્રત્યુત્તરમાં શ્રી ચંપકલાલ જે ગામિત ડે.કમિ.(પ અને ઈ) નોર્થઝોન અને જાહેર માહિતી અધિકારીએ તા. ૧૧–૩–૧૧ના પત્ર નં. એન.ઝેડ/આ.૭૭૨૧ની માહિતી અલગ આપેલ છે કે અમો અરજદારની તા. ૨૪–૨–૧૧ની આરટીઆઈની અરજી આઈડી નં.૧૨૭૨નાં પ્રત્યુત્તરમાં તા. ૨૦–૪–૧૧ના પત્ર એન.ઝેડ/આ.નં./૪૧૭થી માહિતી ૨૯ દિવસ બાદ આરટીઆઈ એકટની સમયમર્યાદા બાદ આપેલ માહિતી અલગ છે બે માહિતીમાં એક માહિતી જ સત્ય હોય જે અંગેની માહિતીની સ્પષ્ટતા સહિતની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૦–૧૧ના પત્રથી જણાવેલ તા.૨૭–૬–૧૧ ની
**SMC/FAP/** નં.૩૪૫/ ૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૨૫–૪–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) અમો અરજદારની તા. ૧૦–૨–૧૧ની આરટીઆઈ અરજી આઈડી નં. ૧૧૯૯ના પ્રત્યુત્તરમાં શ્રી ચંપકલાલ જે ગામિત ડે.કમિ.(પ અને ઈ) નોર્થઝોન અને જાહેર માહિતી અધિકારીએ તા. ૧૧–૩–૧૧ના પત્ર નં. એન.ઝેડ/આ.૭૭૨૧ની માહિતી અલગ આપેલ છે કે અમો અરજદારની તા. ૨૪–૨–૧૧ની આરટીઆઈની અરજી આઈડી નં.૧૨૭૨નાં પ્રત્યુત્તરમાં તા. ૨૦–૪–૧૧ના પત્ર એન.ઝેડ/આ.નં./૪૧૭થી માહિતી ૨૯ દિવસ બાદ આરટીઆઈ એકટની સમયમર્યાદા બાદ આપેલ માહિતી અલગ છે બે માહિતીમાં એક માહિતી જ સત્ય હોય જે અંગેની માહિતીની સ્પષ્ટતા સહિતની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૪)ની માહિતી આપવા બાબતે પત્ર નં. જીએડી/ઈએસટી/૫૬૦ તા. ૧૮–૫–૧૧ તથા પત્ર નં. એન.ઝેડ/આઉટ નં./૧૧૪૭ તા. ૨૪–૫–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦– ૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારે તા.૭–૧૦–૧૧ ના પત્રથી તેમની તા.૨૭–૬–૧૧ ની અપીલ અરજી અનિર્ણિત હોવાની રજૂઆત કરતી અપીલ દફતરે મળ્યાનું નહીં જણાતા અત્રેના પત્ર નં.૯૫૭ તા.૧૪–૧૦–૧૧ થી મુળ અપીલ આપ્યાના આધારસહ વિગતો મંગાવવામાં આવેલ જે તેમણે તા.૨૯–૧૦–૧૧ ના પત્ર સાથે સેન્ટ્રલઝોન નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે અપીલ આ પ્યાની વિગતો રજૂ કરેલ પરંતુ સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રે સદર અપીલ મળેલ ન હોય તે અંગેનો અહેવાલ તેઓ કક્ષાએથી અપીલ તબકકે મંગાવેલ જે મળેલ નથી પરંતુ વિગત ધ્યાને લેતાં અપીલીય કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા **તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૧૮ તા.૪–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૪૪૦ તા.૧૪–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર કતારગામઝોન અને પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ જાવક/૧૨૦ તા.૨૬–૪–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આ.નં.૪૧૭ તા.૨૦–૪–૧૧ થી તા.૨૪–૨–૧૧ ની અરજી અંગે આપેલ માહિતી અંગેના પત્રની નકલ, કતારગામઝોન આરોગ્યની ૧ થી ૩૩ ડ્રાઈવરોની પૂરી પાડેલ યાદી પત્રની નકલ, એન.ઝેડ/આ.નં.૭૭૨૧ તા.૧૧–૩–૧૧ ના પત્રની નકલ,કતારગામઝોનના આરોગ્ય લોકસેવા, ડ્રેનેજ વિભાગની ૧ થી ૬૬ ડ્રાઈવરોની પૂરી પડાયેલ માહિતી પત્રની નકલ, ગાયત્રી ડેપોના વાહનોની નકલ, નોંધ વિભાગ, અરજદારને એન.ઝેડ/આ.નં.૧૧૪૭ તા.૨૪–૫–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૫૫ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, રીક્રુટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીડી/ઈએસ ટી/આર/૧૧૦ તા.૨૮–૪–૧૧ થી મુદ્દા નં.૨ થી ૪ થી મધ્યસ્થ મહેકમને તબદીલ કરેલ પત્રની નકલ, જે અંગે મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/

ઈએસટી/૫૬૦ તા.૧૮–૫–૧૧ થી માહિતી અંગે નાણા ભરવા અંગે અરજદારને પાઠવેલ પત્રની નકલ, અરજદારને તા.૨૪–૫–૧૧ ના પત્ર અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી જીએડી/ઈએસટી/૮૦૨ તા. ૮–૬–૧૧ થી અરજદારને તપાસણી આપેલ પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરજીથી જાહેર માહિતી અધિકારી એન.ઝેડ/આ.નં.૭૭૨૧ તા.૧૧–૩–૧૧ અને એન.ઝેડ/આ.નં.૪૧૭ તા.૨૦–૪–૧૧ થી આપેલ માહિતીમાં વિસંગતતા તેમજ ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક બાબતે ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(૫અનેઈ) તથા પર્સોનલ ઓફિસર આરને સંબોધતી અરજી સ ેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૦ તા.૨૬–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોન અને પર્સોનલ ઓફિસર રીક્રૂટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. જે રીક્રૂટમેન્ટ વિભાગ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૦ તા.૨૮–૪–૧૧ થી મુદ્દા નં.૨ થી ૪ બાબતે મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) અમો અરજદારની તા. ૧૦–૨–૧૧ની આરટીઆઈ અરજી આઈડી નં. ૧૧૯૯ના પ્રત્યુત્તરમાં શ્રી ચંપકલાલ જે ગામિત ડે.કમિ.(૫ અને ઈ) નોર્થઝોન અને જાહેર માહિતી અધિકારીએ તા. ૧૧–૩–૧૧ના પત્ર નં. એન.ઝેડ/આ.૭૭૨૧ની માહિતી અલગ આપેલ છે કે અમો અરજદારની તા. ૨૪–૨–૧૧ની આરટીઆઈની અરજી આઈડી નં.૧૨૭૨નાં પ્રત્યુત્તરમાં તા. ૨૦–૪–૧૧ના પત્ર એન.ઝેડ/આ.નં./૪૧૭થી માહિતી ૨૯ દિવસ બાદ આરટીઆઈ એકટની સમયમર્યાદા બાદ આપેલ માહિતી અલગ છે બે માહિતીમાં એક માહિતી જ સત્ય હોય જે અંગેની માહિતીની સ્પષ્ટતા સહિતની નકલ. મુદ્દા નં.(૨) રીક્રૂટમેન્ટ વિભાગે ૨૧૮ ડ્રાઈવરોની નિમણુંક આપેલ છે કે વધારે ડ્રાઈવરોની જે તે ઝોન/ વિભાગમાંથી અધિકારીઓએ ડ્રાઈવરોની ડીમાન્ડ રીક્રુટમેન્ટ / મહેકમ વિભાગમાં આપેલ અધિકારીઓના ડ્રાઈવરોના ડીમાન્ડ કરતાં પત્રોની માહિતીની નકલ. મુદ્દા નં.(૩) રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા ૨૧૮ ડ્રાઈવરો કે વધારે ડ્રાઈવરોની નિમણુંક કર્યા પછી પણ અમુક ઝોન/વિભાગમાં કોન્ટ્રાકટ ડ્રાઈવરોના કોન્ટ્રાકટ હાલમાં પણ ચાલુ છે. તેની માહિતી. મુદ્દા નં.(૪) રીક્રૂટમેન્ટ વિભાગ પાસે માંગેલ ઝોન વિભાગમાં પણ ડ્રાઈવરોની ભરતી કરવાથી સ્પેરમાં ડ્રાઈવરોનો ભરાવો જણાયેલ છે એટલે કે જરૂરત કરતાં વધારે ડ્રાઈવરોની નિમણુંક કરવા અંગેની માહિતીની નકલ માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ ઈએસટી/૫૬૦ તા.૧૮–૫–૧૧ થી નિયત સમય અવધિમાં પાના નંગ–૨૬ ના પ્રતિ પાના ૨/– લેખે કુલ રૂા.૫૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ છે. જેમાં અરજદાર તરફથી માહિતી મેળવવાની જગ્યાએ રૂબરૂ ચકાસણી કરવાની માંગણી તેમના તા.૨૪–૫–૧૧ ના લેખિત પત્રથી કરવામાં આવતાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૮૦૨ તા.૮–૬–૧૧ તા. ૧૩–૬–૧૧ ના રોજ બપોરે ૩.૩૦ થી ૫.૦૦ કલાક સુધીમાં દફતરી ચકાસણી કરી રૂબરૂ હાજર રહેવા જણાવેલ. જે અંગે અરજદારે ચકાસણીનો પત્ર મળ્યાનું પણ અપીલમાં જણાવેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ થી ૪ અંગે એક પણ મુદ્દાનો પ્રત્યુત્તર મળેલ ન હોવાથી ૧ થી ૪ થી મુદ્દાથી નારાજ થઈ અપીલ અરજી રજૂ કર્યાની રજૂઆત કરેલ છે. જે રજૂઆત અંગે અરજદારે ખુદ અપીલ અરજીમાં નાણા ભરવા અંગે રૂા.૫૨/– મુદ્દા નં.૨ થી ૪ અંગે પત્ર પાઠવેલ જે અરજદારે ઈન્સ્પેકશન માંગતા અરજદારને ઈન્સ્પેકશન જાહેર માહિતી અધિકારીએ આપેલ છે અને તે અંગેના પત્ર મળ્યાની પણ અરજદારને અપીલ અરજીમાં કબુલાત કરેલ છે. આથી અરજદારની મુદ્દા નં.૨ થી ૪ બાબતેની રજૂઆત આધાર અને પાયા વિનાની છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી મુદ્દા નં.૨ થી ૪ અંગેના પ્રસ્તાવ અનુસાર તપાસણી મેળવી માહિતી મેળવી શકે છે. વધુમાં અરજદારના મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૧૪૭ તા.૨૪–૫–૧૧ થી સ્પષ્ટતા કરવામાં આવેલ છે જેમાં આરોગ્ય વિભાગ તરફથી એક ડ્રાઈવરની નિમણુંક થતાં અરજદારને એન.ઝેડ/૭૭૨૧ તા.૧૧–૩–૧૧ માં ૨૪ ડ્રાઈવરોની વિગત આપેલ છે જયારે એન.ઝેડ/આ.નં.૪૧૭ તા.૨૦–૪–૧૧ માં ૨૫ ડ્રાઈવરોની વિગત આપેલ છે જે બરાબર જણાય છે. તેમજ રસ્તા વિભાગના તેમજ ડ્રેનેજ વિભાગ બાબતે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. બંને માહિતી સરખાવતા વાહન નંબર, ડ્રાઈવર, કર્મચારી નંબર સહિતની બંને તબકકે વિગતવાર માહિતી આપેલ જણાય છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર ધ્વારા તેમની અગાઉની મુળ અરજીની નકલો અત્રે અપીલ તબકકે રજૂ કરેલ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે ડ્રાઈવર, વાહનમાં બદલી ફેરફાર મુજબ અલગ સમયે તેવી વિગતમાં ફેરફારને અવકાશ રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર મુદ્દા નં.૨ થી ૪ અંગે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પ્રસ્તાવ અનુસાર તપાસણી કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે. જે માટે અરજદારે કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રહેશે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,

(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ...જાણ તથા અમલ માટે

(૨) જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને અરજદારે નાગરિક સુવિધાકેન્દ્ર ખાતે તા.૨૭–૬–૧૧ ના રોજ અપીલ આપેલ હોવા છતાં તબદીલ નહીં થવાની ગંભીરતાને અનુલક્ષી લાગત કર્મચારીને આ અંગે તકેદારી લેવા સૂચના પાઠવવા પણ જણાવવામાં આવે છે.

(૩) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર